ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



# પંચમહાલ-દાહોદ

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785



## સંક્ષિપ્ત સમાચાર

### વેજલપુરમાં ડીવાયએસપી કાલોલની અધ્યક્ષતામાં લોકદરબાર યોજાયો



કાલોલ : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો જંગ જામી રહ્યો છે ત્યારે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા સુરક્ષા વ્યવસ્થાને લઈને કવાયત તેજ કરવામાં આવી છે. જે અંતર્ગત આજે પંચમહાલ જિલ્લાના વેજલપુર ગામે ગ્રામ પંચાયત કચેરી ખાતે કાલોલના ડી.વાય.એસ.પી. (DYSP) નવીન આહીર તેમજ વેજલપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.આઈ. ભરવાડની વિશેષ ઉપસ્થિતિ અને અધ્યક્ષતામાં એક ભવ્ય લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.અફવાઓથી સાવધાન સોશિયલ મીડિયા પર ફેલાતી ભ્રામક અફવાઓ પર ધ્યાન ન આપવા અને શાંતિ ડહોળનારા તત્વો સામે કડક કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી હતી.અને વધુમાં સાયબર ક્રાઈમ અને ટ્રાફિક જાગૃતિ લોકદરબારમાં DySP નવીન આહીરે ગ્રામજનોને આજના ડિજિટલ યુગમાં વધી રહેલા સાયબર ફ્રોડથી બચવા માટેની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતુ કે, કોઈપણ અજાણી વ્યક્તિ સાથે OTP શેર ન કરવો અને લાલચુ લિંક્સથી દૂર રહેવું. જો કોઈ સાયબર ગુનાનો ભોગ બને તો તુરંત 1930 નંબર પર જાણ કરવા અપીલ કરી હતી. સાથે જ, PI એ.આઈ. ભરવાડે ગામના મુખ્ય માર્ગો પર થતી ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતો નિવારવા માટે ટ્રાફિકના નિયમોનું પાલન કરવા ગ્રામજનોને સમજણ આપી હતી. હેલ્મેટ પહેરવા, લાયસન્સ સાથે રાખવા અને બિનજરૂરી પાર્કિંગ ન કરવા અંગે કડક સૂચનાઓ આપી હતી સાથે જ, PI એ.આઈ. ભરવાડ દ્વારા સ્થાનિક સ્તરે સુરક્ષા વ્યવસ્થાની વિગતો આપતા જણાવ્યું હતુ કે, પોલીસ તંત્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સંપૂર્ણપણે સજ્જ છે. અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અનેક વિસ્તારોમાં પોલીસનું ખાસ પેટ્રોલિંગ રાખવામાં આવશે.

### મધવાસ ગામની જય નારાયણ હોસ્પિટલમાં ધાબડા વિતરણ કરવામાં આવ્યાં



કાલોલ : સમાજ સેવા ના ઉદ્દેશ સાથે કાર્યરત શ્રી ભગીની સેવા મંડળની બહેનો દ્વારા મધવાસ સ્થિત જય નારાયણ હોસ્પિટલ ખાતે દર્દીઓ અને તેમના પરિવારજનો માટે ધાબડા (કંબલ) વિતરણ કરવામાં આવ્યાં હતાં.આ પ્રસંગે ભગીની સેવા મંડળની બહેનો દ્વારા નિસ્વાર્થ સેવા ભાવના સાથે જરૂરિયાતમંદ દર્દીઓ સુધી સહાય પહોંચાડવામાં આવી હતી. જ્યાં ઠંડીના સમયમાં દર્દીઓ અને તેમના સગાસંબંધીઓને રાહત મળે તે હેતુથી આ સેવા કાર્ય યોજાયું હતું જય નારાયણ હોસ્પિટલના ડૉક્ટર સુનીલભાઇ પરમાર એ ભગીની સેવા મંડળનો આ માનવતાભર્યો પ્રયાસ બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે આવા સેવા કાર્યો સમાજ માટે પ્રેરણાદાયી છે.આ સેવા કાર્યક્રમ દરમિયાન હોસ્પિટલ સ્ટાફ તથા શ્રી ભગીની સેવા મંડળની બહેનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### દાહોદના દેરાસર ખાતે ભગવાન સીમંધર સ્વામી જન્મ કલ્યાણક રંગચંગે ઉજવાયો



દાહોદ : દાહોદના સીમંધર જૈન દેરાસર ખાતે ભગવાન શ્રી સીમંધર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવનું વિશાળ આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં દેરાસરમાં સવારે મહાપૂજનનું આયોજન કરાયું હતું જેમાં વિધિ કારક તથા સંગીતકાર અરુણ જૈન મંદસોર વાળા હતા ભગવાન સીમંધર સ્વામી મહાવિદેહ ક્ષેત્રમાં હાલ માં છે. સીમંધર સ્વામીજીની પૂજા આરાધના કરી તેમના સરણમાં જવાથી વ્યક્તિ પરમ મોક્ષમાં જઈ શકે છે. ભગવાન સીમંધર સ્વામીજી મતી જ્ઞાન શ્રુતજ્ઞાન તથા અવધિજ્ઞાન ની સાથે ઉત્પન્ન થયા હતા શ્રી સીમંધર સ્વામી વર્તમાન તીર્થંકર છે તેમની પૂજા નું મહત્વ એ છે કે વ્યક્તિને શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે અને મોક્ષ પ્રાપ્તિનો માર્ગ મળી જાય છે જૈન માન્યતા અનુસાર સીમંધર સ્વામી એક તીર્થંકરની સાથે અરિહંત પણ છે તેમના પ્રત્યે સમર્પણ અને ભક્તિ તથા જ્ઞાન આજ્ઞાની ઉત્કૃષ્ટ પાલનાથી મનુષ્યનો આગલો જન્મ મહાવિદેહ ક્ષેત્રમાં થઈ શકે છે અને મોક્ષ પણ પ્રાપ્ત થઈ શકે છે

### શ્રી જી. પી.ધાનકા હાઇસ્કૂલમાં બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતી નિમિત્તે ઉજવાઈ વકૃત્વ સ્પર્ધા



દાહોદ : શ્રી જી. પી. ધાનકા હાઈસ્કૂલમાં બાબાસાહેબ આંબેડકર ની 135મી જન્મ જયંતિ ની ઉજવણી ના ભાગરૂપે વકૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં વિવિધ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો શાળાના આચાર્ય બાલકૃષ્ણભાઈ ચાપા તથા સંસ્થાના ટ્રસ્ટી અમરસિંહભાઈ ગોહિલ દ્વારા પ્રાસંગિક ઉદબોધન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના સુપરવાઈઝર દેવેન્દ્રભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું

### ફોર્મ ચકાસણી દરમ્યાન વોર્ડ નંબર ત્રણમાંથી કોગ્રેસના અહમદ ચાંદ બીન હરીફ

## દાહોદમાં ભાજપના ચાર, કોંગ્રેસના એક ઉમેદવાર બીનહરીફ

(પ્રતિનિધિ) દાહોદ તા.13

દાહોદ નગરપાલિકામાં સ્વરાજયની ચુટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે હાલ ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે ત્યારે દરેક ઉમેદવારોએ ઉત્સાહભેર દાવેદારી નોંધાવી છે. જેમાં તા 13 ના રોજ ઉમેદવારી પત્રો ની ચકાસણી માં વૉર્ડ નંબર ત્રણ ની બે બેઠકો બીન હરીફ આવી છે જેમાં એસ ટી સીટ ઉપર મીનાક્ષીબેન પુનમ ભાઈ નિનામા અને obc સીટ ઈશ્તિયાક સોકતઅલી સોયદ અને વોર્ડ નંબર નવ ની obc સીટ ઉપર ગીતાબેન જિતેન્દ્ર ભાઈ રાઠોડ બીન હરીફ આવી ગઈ છે દાહોદ નગરપાલિકાની આગામી ૨૬ મી એપ્રિલના રોજ યોજાનારી ચૂંટણીમાં નવ વોર્ડની કુલ ૩૬ બેઠકો માટે ઉમેદવારી પત્ર ભરનારાનો રાફડો ફાટયો છે. નગરજનોની સેવા માટે લોકોમાં જાણે ભારે અભરખા જાગ્યા હોય તેમ નવ વોર્ડની-૩૬ બેઠકો માટે કુલ-૧૧૬ જેટલા ઉમેદવારોએ પોતાનું ઉમેદવારી પત્ર ભરી દાવેદારી નોંધાવતા નગરજનોમાં આશ્ચર્ય ફેલાયું છે. વોર્ડ વાઈસ જોઈએ તો વોર્ડ નંબર-૧ માં ભાજપના-૫, કોંગ્રેસના-૪ તથા આપના-૪ મળી કુલ ૧૩ ઉમેદવારી પત્રો ભરાયા છે. વોર્ડ નંબર-૨ માં ભાજપના-૪, કોંગ્રેસના-૪, આપ પાર્ટીના-૧ તથા પક્ષ એક મળી કુલ- ૧૦ ઉમેદવારી પત્રો ભરાયા છે. વોર્ડ નંબર ત્રણમાં ભાજપના-૪, કોંગ્રેસના-૬ તથા અપક્ષ-૧ મળી કુલ-૧૧ ઉમેદવારી પત્ર ભરાયા છે. વોર્ડ નંબર-૪ માં ભાજપના-૬, કોંગ્રેસના-૪, આપ પાર્ટીના-૩ તથા અપક્ષ-૩ મળી કુલ ૧૬ ઉમેદવારી પત્ર ભરાયા છે. વોર્ડ નંબર પાંચમાં ભાજપના-૪, કોંગ્રેસના-૫, આપ પાર્ટીના-૪ તેમજ અપક્ષના-૬ મળી કુલ-૧૯ ઉમેદવારી પત્ર ભરાયા છે વોર્ડ નંબર- ૬ માં ભાજપના-૪, કોંગ્રેસના-૬ મળી કુલ-૧૦ ઉમેદવારી પત્ર ભરાયા છે વોર્ડ નંબર-૭ માં ભાજપ-૪, કોંગ્રેસના-૪ મળી કુલ- ૮ ઉમેદવારી પત્ર ભરાયા છે. વોર્ડ નંબર-૮ માં ભાજપના-૫, કોંગ્રેસના-૬ આપ પાર્ટીના-૧ તથા અપક્ષના-૩ મળી કુલ-૧૫ ઉમેદવારી પત્ર ભરાયા છે.

જયારે વોર્ડ નંબર-૯ માં ભાજપના-૮, કોંગ્રેસના-૪ તથા અપક્ષના-૨ મળી કુલ ૧૪ ઉમેદવારી પત્ર ભરાયા છે આમ દાહોદ નગરપાલિકાના નવ વોર્ડની કુલ-૩૬ બેઠકો માટે ૧૧૬ જેટલા ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ભરી દાવેદરી કરી છે. ૧૩મીએ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને ક્ષતિવાળા ઉમેદવારી પત્ર રદ કરવામાં આવશે. ત્યારબાદ બુધવારે ઉમેદવારી પત્ર ખેંચવાના દિવસે કેટલા ઉમેદવારી પત્ર પાછા ખેંચાય છે તે જોયા બાદ નગરપાલિકાની ૯ વોર્ડની ૩૬ બેઠકો માટેની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે પ્રજા આ વખતે છાશ પણ ફૂંકી ફૂંકીને પીશે તે ચોક્કસ છે. કારણકે હવે તો પુનરાવર્તન નહીં પણ પરિવર્તન જ જરૂરી બન્યું છે તેવો જનમત પ્રવર્તી રહ્યો છે. ફોર્મ ચકાસણી દરમ્યાન વોર્ડ નંબર ત્રણમાંથી કોગ્રેસના અહમદ ચાંદ બીન હરીફ જાહેર થયા છે આમ દાહોદ નગર પાલિકામાં ફોર્મ ચકાસણી મા ભાજપ ના ચાર અને કોગ્રેસ ના એક ઉમેદવાર બીન હરીફ જાહેર કરાયા છે.



વોર્ડ નંબર ત્રણના ઉમેદવાર



વોર્ડ નં-9 ના બીન હરીફ ઉમેદવાર



વોર્ડ નંબર સાત ના બીન હરીફ ઉમેદવાર



વોર્ડ નં- 3 કોગ્રેસ ના ઉમેદવાર બીન હરીફ

### જિલ્લા પંચાયતની પીપેરો બેઠક ઉપર ભરત ભાઈ વાખલ જેમને ત્રણ ઉમેદવારી પત્રો ભર્યા હતા

## ભરતભાઈ વાખલએ ભારતીય જનતા પાર્ટીના મેન્ડેડથી ચૂંટણી લડવાનું પસંદ કર્યું

દાહોદની રાજનીતિમાં એક અનોખી ઘટના: ત્રણેય પક્ષોનો મેન્ડેટ એક જ ઉમેદવારને



(પ્રતિનિધિ) દાહોદ તા.13

દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ચોંકાવનારી ઘટના સામે આવી છે ભરતસિંહ વાઘળા દ્વારા ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એમ ત્રણેય પક્ષમાંથી પીપેરો બેઠક પર દાવેદારી નોંધાવવામાં આવી હતી અત્રે નોંધનીય છે કે, આ વિસ્તાર રાજ્યના પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડનો માનવામાં આવે છે. અહીં તેઓની ખૂબ જ સારી પકડ છે. અને ભરતસિંહ વાઘળા અગાઉ પણ બચુભાઈ ખાબડ સામે વિધાનસભાની ચૂંટણી લડી ચૂક્યા છે.

તેઓ અગાઉ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવાર તરીકે ચૂંટણીમાં ભાગ લઈ ચૂક્યા છે. હાલમાં એક સાથે ત્રણ પક્ષમાંથી તેઓએ ફોર્મ ભરતા અને ત્રણેય પક્ષોના મેન્ડેટ રજૂ કરતા સમગ્ર દાહોદ પંથકમાં ભારે ચર્ચાય મચી જવા પામી છે.

આમ તો આમ આજની પાર્ટી દ્વારા જાહેર કરાયેલી ઉમેદવારોની યાદીમાં ભરતસિંહ વાઘળાના નામનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે ત્યારે બીજી તરફ તેમને ભાજપ અને કોંગ્રેસ દ્વારા પણ સત્તાવાર મેન્ડેટ આપવામાં આવ્યું હતું હવે સૌથી મહત્વની બાબત એ હતી કે ફોર્મ ચકાસણીના દિવસે ભરતસિંહ વાઘળાની ઉમેદવારી પરંતુ દાહોદની રાજનીતિમાં આ અનોખી ઘટના મા ભારત વખલા એ ભાજપ મા ઉમેદવારી કરવાનું પસંદ કર્યું હતું અને બીજા પક્ષ ના મેન્ડેડ વિશે મને કોઈ જાણ નથી આજે મને ખબર પડી કે ત્રણે પાર્ટી એ મેન્ડેડ મોકલ્યા છે પરંતુ આજે તેમને ભાજપ પર ચૂંટણી લડવાની વાત કરી હતી.

પેપરો સીટ ઉપર થી ભરતસિંહ વાખલ એ ઉમેદવારી નોંધાવી હતી અને તેમને ત્રણ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા જેમાં પ્રથમ વાર આ ઉમેદવાર ને ત્રણ પાર્ટી ભાજપ ,કોગ્રેસ , આપ આમ ત્રણ પાર્ટી એ મેન્ડેડ મોકલ્યા હતા આજે ઉમેદવારી ફોમ ચકાસણી માં ભરત ભાઈ વાખલ એ ભારતીય જનતા પાર્ટીના મેન્ડેડ થી ચૂંટણી લડવાનું પસંદ કર્યું હતું

### ભાજપના ડમી ઉમેદવારનું ફોર્મ રદ કરાયું

## પીંગળી બેઠક:ભાજપના ઉમેદવાર સામે કોંગ્રેસે વાંધો ઊઠાવતાં ચકચાર

(પ્રતિનિધિ) કાલોલ તા.13

કાલોલ તાલુકા પંચાયતની પીંગળી બેઠકના ભાજપના ઉમેદવાર સંતોષકુમાર વેચાતભાઈ નાયકા ને અનુસૂચિત જનજાતિના દાખલો રજૂ કરેલ ના હોય તેમજ ડમી ઉમેદવાર વેચાતભાઈ રણછોડભાઈ નાયક નાઓ એ પોતાના ફોર્મ માં સંતાનો અંગેની સાચી માહિતી છૂપાવી હોવાથી કોંગ્રેસ ના આ બેઠક ના ઉમેદવારે હરસિંહભાઈ ચામડભાઈ રાઠવા ના દરખાસ્તદાર સૂરજસિંહ સોલંકી દ્વારા મદદનીશ ચૂંટણી અધિકારી અને કાલોલ મામલતદાર વિકાસ પટેલ ને લેખિતમાં બે વાંધા અરજી રજૂ કરી બંને ફોર્મ મંજૂર કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો જેથી ચૂંટણી અધિકારી અને કાલોલ મામલતદારે સાંજે પાંચ વાગ્યા સુધી માં જાતિનો દાખલો રજૂ કરવા સમય આપ્યો છે ગઈકાલ સાંજથી આ મામલો પેચીદો બન્યો હતો ત્યારે આજે સાંજના પાંચ કલાક ની ગણતરીની મિનિટોમાં જ મામલતદાર કચેરીમાં થી જ સંતોષકુમાર વેચાતભાઈ નાયકા નો જાતિનો દાખલો ઈસ્યુ કરવામાં આવ્યો હતો અને ઉમેદવારે ફોર્મ મા રજુ કર્યો હતો સામાન્ય માણશો ના દાખલા આટલી ઝડપે ક્યારે નીકળશે તેવુ હાજર લોકો જણાવી રહ્યા હતા કોંગ્રેસ તાલુકા પ્રમુખ ભૂપેન્દ્રસિંહ ખેરે તેમજ વાઘેદાર સુરજસિહે ઉમેદવાર ના પરદાદા થી પેઢીનામું રજુ કરેલ ના હોવા છતાં પણ દાખલો આપ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. આમ ઉમેદવારનું ફોર્મ મંજુર કરવામાં આવ્યું જ્યારે વેચાતભાઈ નાયક નુ ફોર્મ રદ કરવામાં આવ્યું હતુ. મામલતદાર નો સંપર્ક કરતા જાતિનો દાખલો સમયસર રજુ કરેલ હોય મંજૂર કરવામાં આવ્યુ હોવાનું જણાવ્યું હતુ.

### યોગ્ય જગ્યાએ નિકાલ કરવા માંગ કરવામાં આવી

## સુખસરમાં કતલખાના સંચાલકો દ્વારા કચરો જાહેરમાં ફેંકાતા આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ) સુખસર,તા.13

સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર ખાતે ચાલી રહેલા કતલખાનાના સંચાલકો દ્વારા સુખસરમાં વોડા ફોન ટાવર પાસે આવેલ ખુલ્લી જગ્યામાં કતલ કરેલા પશુઓના કેટલાક અંગો જાહેર સ્થળે ફેંકી ગંદકી ફેલાવવામાં આવી રહી હોવા બાબતે તેમજ આ ગંદકીના લીધે રોગચાળો ફેલાવવાની કોશિશ કરાતી હોવાના આક્ષેપ સાથે સુખસરના જાગૃત નાગરિકોએ મામલતદાર સુખસર,સુખસર પી.એસ.આઇ,તથા ગ્રામ પંચાયત સુખસરને આવેદનપત્ર આપ્યું હોવાનું જાણવા મળે છે. આવેદનપત્રમાં જણાવેલી વિગતો મુજબ સુખસર ગામમાં ગૌવંશ સિવાયના પશુઓની કતલ કરવા માટેના કતલખાના ચાલી રહ્યા છે.અને કતલખાના ચલાવતા કેટલાક ખાટકીઓ દ્વારા કતલ કરેલા પશુ અંગો સુખસરના વોડા ફોન ટાવર પાસે ખુલ્લી જગ્યામાં ફેકી ગંદકી ફેલાવવામાં આવી રહી હોવાનું જણાવ્યું છે.તેમજ આક્ષેપ કરવામાં આવ્યો છે કે,આ જાહેર જગ્યાએ ગંદકી ફેલાવી રોગચાળો ઉભો કરવાની કોશિશ કરવામાં આવી રહી હોવાનું જણાવવામાં



આવ્યું છે.અને જણાવ્યું છે કે,કતલ કરેલા પશુઓના અંગો જાહેરમાં નહીં ફેકી યોગ્ય નિકાલ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.અને આ આવેદન પત્રથી જાહેરમાં મૃત પશુના ફેકાતા પશુ અંગો બંધ કરવામાં નહીં આવે તો તેવા લોકો સામે યોગ્ય કાર્યવાહી કરવા પણ માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ જે વોડાફોન ટાવર પાસે આવેલ ખુલ્લી જગ્યામાં પશુ અંગો નાખવામાં આવે છે તે જગ્યા ઉપર ગ્રામ પંચાયતનો કૂવો આવેલ છે.અને આ કૂવામાંથી સુખસર ગામને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. અને આ પાણી પીવાથી ગામમાં રોગચાળો ફાટી નીકળે તેવો ભય સતાવી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

### પાર્ટીએ વિશ્વાસઘાત કર્યો હોવાના આક્ષેપ સાથે જૂના કાર્યકરનો બળાપો

## ઝાલોદની વગેલા જિલ્લા પંચાયત સીટનું મેન્ડેટ રાતોરાત બદલાયું

(પ્રતિનિધિ) દાહોદ તા.13

ઝાલોદ તાલુકાની વગેલા જિલ્લા પંચાયત સીટને લઈને હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જાયો છે. જેમાં ભાજપના જ પાયાના કાર્યકરની પુત્રવધુનું નામ જાહેર કરવામાં આવ્યું હતું, અને ફોર્મ પણ ભરાઈ ગયું હતું. ત્યારે જ મેન્ડેટ અન્ય ઉમેદવારને ફાળવવામાં આવતા જુના કાર્યકરના પરિવારમાં અસંતોષની સાથે છેતરાયા હોવાની લાગણી વ્યાપી છે. અને પોતાના સાથે પક્ષે વિશ્વાસઘાત કર્યો હોવાનો બળાપો વિડીયો દ્વારા ઠાલવ્યો છે. ઝાલોદ તાલુકાની વગેલા જિલ્લા પંચાયતની બેઠક માટે ભાજપે મનિષાબેન સંજયભાઈ ડામોરનું નામ જાહેર કર્યું હતું.

છેલ્લી ત્રણ પેઢીથી ભાજપ સાથે જોડાયેલા પરિવારના સભ્યનું નામ જાહેર થતાં પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો. અને ફોર્મ ભરવાના અંતિમ દિવસે સમર્થકો સાથે વાજતે ગાજતે ફોર્મ ભરીને ઘરે પરત ફર્યા હતા. ત્યારે જ આ સીટ પર પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાના ભાઈ જયદીપ વાઘેલાને મેન્ડેટ ફાળવી દેવામાં આવ્યું હતું. જેને લઈને ડામોર પરિવારમાં છેતરાયા હોવાની લાગણી વ્યાપી છે. પાર્ટીના નિયમો ને નેવે મૂકી આયાતી ઉમેદવારને ટિકિટ ફાળવી દેવામાં આવતા ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા ત્રણ ત્રણ દાયકાથી પાર્ટીને સમર્પિત કાર્યકર્તા સાથે વિશ્વાસઘાત કર્યો હોવાનો બળાપો કાઢતો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.

**આયાતી ઉમેદવારને ટિકિટ ફાળવી અમને અન્યાય કર્યો**

વગેલા જિલ્લા પંચાયત બેઠક પરથી ભાજપે અમારી પુત્રવધુ મનિષાબેન સંજયભાઈ ડામોરનું નામ જાહેર કર્યું હતું. પરંતુ પાર્ટીએ નિયમોને નેવે મૂકીને મેન્ડેટની ફાળવણી બીજા ઉમેદવારને કરી દીધી છે. ત્યારે છેલ્લી ત્રણ પેઢીથી ભાજપ પાર્ટીને સમર્પિત અમારા પરિવાર સાથે પાર્ટીએ વિશ્વાસઘાત કર્યો હોવાની લાગણી છે. ૧૯૮૫ માં પાર્ટીને તાલુકા પંચાયતમાં સત્તાનો સ્વાદ અમારા પરિવારને લીધે જ ચાખવા મળ્યો હતો. અને પ્રથમ વખત ગુજરાત રાજ્યમાં તાલુકા પંચાયત ભાજપના ફાળે કરવામાં અમારા પરિવારનો સિંહફાળો રહ્યો હતો. ત્યારે 30 વર્ષ પછી અમારા પરિવારે ટિકિટ માંગી હતી. જેમાં પણ પાર્ટીએ અમારા સાથે વિશ્વાસઘાત કરી અને નિયમો ને નેવે મૂકી આયાતી ઉમેદવારને ટિકિટ ફાળવી અમને અન્યાય કર્યો છે.

**અનિલભાઈ ડામોર,** કાર્યકર્તા ભાજપ વગેલા જિલ્લા સીટ

### હાલોલમાં પુષ્ટિમાર્ગીય સંપ્રદાયનો બહોળો વર્ગ

## જગતગુરુ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીના 549મા પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી

(પ્રતિનિધિ) હાલોલ,તા.13

હાલોલ નગર ખાતે પુષ્ટિમાર્ગીય સંપ્રદાય દ્વારા આજે સોમવાર ના રોજ જગતગુરુ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો ૫૪૯ મો પ્રાગટ્ય મહોત્સવ ની ઉજવણી ભક્તિસભર વાતાવરણમાં હર્ષઉલ્લાસ સાથે કરવામાં આવી હતી. હાલોલ નગર ખાતે પુષ્ટિમાર્ગીય સંપ્રદાય બોહળો છે. નગર માં બસ સ્ટેન્ડ સામે શ્રી દ્વારકાધીશ ની હવેલી તેમજ નગર ની મધ્ય માં મંદિર ફળીયા ખાતે શ્રી છગન મગન લાલજી નું મંદિર એમ બે પુષ્ટિમાર્ગીય મંદિરો આવેલા છે. પુષ્ટિ સંપ્રદાયના સ્થાપક, પ્રણેતા, અને ભક્તિ માર્ગનો વિકાસ માટે પ્રગટ થયેલ નારાદાદી પરંપરાના મૂર્ધન્ય આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજી આથી ૫૪૯ વર્ષ પૂર્વે દક્ષિણ ભારતના આંધ્રપ્રદેશના ચંપારણ્ય ખાતે ચૈત્ર વદ એકાદશીના દિવસે પ્રગટ થયા હતા. હાલોલ ખાતે પણ આ મહા ઓચ્છવ ને લઈ વૈષણવો માં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. તેમાં પણ સોનામાં સુગંધ ભળાય તેમ પ્રતિ વર્ષે બંને મંદિર ની અલગ અલગ શોભાયાત્રા નીકળતી હતી. જે બંને મંદિર ની સમજૂતી થી હવે પછી દર વર્ષે વારા ફરતી એક મંદિર થી જ શોભાયાત્રા નીકળવાનું નક્કી થતા વૈષ્ણવોમાં ખુશીનો માહોલ જોવા માંડ્યો હતો.

### હાલોલમાં સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા રેસ્ક્યૂ

## ગરમીના કારણે પોપટ ઝાડ પરથી પડતાં સારવાર હેઠળ

હાલોલ : હાલોલમા જીવદયા નુ કામ કરતી સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા બે અલગ અલગ જગ્યાએ ગરમી ના કારણે જાડ પર થી પડી જવાથી રેસ્ક્યુ કર્યુ જેમા હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન મા ઉડતા ઉડતા પોપટ નીચે પડી ગયેલ ની જાણ હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન મા ફરજ બજાવતા નિલેશભાઈ દ્વારા સિદ્ધાંત જીવદયા ટીમ ના પિન્ટુભાઈ ને જાણ કરાતા સ્થળ પર જઈ જોયુ તો પોપટ ઉડી શકે તેમ ન હોવાથી એનિમલ હોસ્પિટલ લઈ જઈ દવા સારવાર કરાવી અત્યારે તે સારવાર મા છે ત્યારબાદ હાલોલ મા આવેલ કંજરી રોડ પર શેરોન પાર્ક મકાન નંબર 19 ની બહાર અચાનક પોપટ નીચે પડી ગયેલ તેવી



માહીતી સિદ્ધાંત જીવદયા ને થતા સ્થળ પર જઈ જોયુ તો ત્યા પર પોપટ ઉડી શકાય તેમ ન હાલોલ તો તેને પણ એનિમલ હોસ્પિટલ લઈ જઈ સારવાર કરાવી અને એક પોપટ ને સારૂ લાગતા ઉડી ગયેલ હતો અને બિજો પોપટ સારવાર મા છે આ તમામ જાણકારી ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ના આર.એફ.ઓ ચંદ્રીકાબેન ચૌધરી ના માર્ગદર્શન અને નિર્દેશન મુજબ રેસ્ક્યુ કરી અને તેમના માર્ગદર્શન મુજબ આગળ ની સારવાર ચાલુ છે.

### સંઘની પાવાગઢની યાત્રા અધવચ્ચે જ બંધ

## આણંદથી પાવાગઢ પગપાળા યાત્રિક સંઘના યુવાનનું આકસ્મિક મૃત્યુ

યાત્રિકના અચાનક અવસાનથી સમગ્ર સંઘમાં શોકનો માહોલ

(પ્રતિનિધિ) હાલોલ,તા.13

સંઘમાં જોડાયેલા 30 વર્ષીય રિતેશભાઈ વસાવાની અચાનક તબિયત બગડતાં તેમને તાત્કાલિક હાલોલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ તેમને ખેંચ આવવાથી અચાનક તબિયત બગડી હતી. આણંદના આશરે 80થી 100 જેટલા ભક્તોનો આ સંઘ શનિવાર રાત્રે ભક્તિભાવ સાથે પાવાગઢ આવવા માટે નીકળ્યો હતો. બે દિવસની યાત્રા બાદ સોમવારે સવારે સંઘ હાલોલ પહોંચી આગળ વધતો હતો, ત્યારે હાલોલ શાકમાર્કેટમાં આ ઘટના બની હતી. યાત્રિકના અચાનક અવસાનથી સમગ્ર સંઘમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. પરિવારજનો પણ હાલોલ દોડી આવ્યા હતા અને હોસ્પિટલમાં રોદનથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. આ દુ:ખદ ઘટનાને પગલે યાત્રિક સંઘે પાવાગઢની યાત્રા અધવચ્ચે જ બંધ કરી પરત ફરવાનો નિર્ણય લીધો હતો.